# નગરનાં વરિષ્ઠ મહિલા માસ્ટર્સ એથ્લેટિક્સમાં ત્રણ મેડલ જિત્યા



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરનાં રહેવાસી રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા નિવૃત્ત શિક્ષિકા શ્રીમતી ઈન્દુમતિ નિમાવતે તાજેતરમાં આયોજિત માસ્ટર્સ એથ્લેટિક્સની રાજ્ય સ્તરની સ્પર્ધામાં બે ગોલ્ડ અને એક સિલ્વર સહિત ત્રણ મેડલ જીતીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.


કૃભકો સ્પૉટ્ર્સ ગ્રાઉન્ડ સુરત ખાતે આ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ઈન્દુમતિ નિમાવતે ૧૦૦ મીટર દૉડ અને ૨૦૦ મીટર દૉડમાં સુવર્ણ અને શૉટપૂટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

૬૫ વર્ષથી વધુ વયના સ્પર્ધકો વચ્ચે આ ઈનામ પ્રાપ્ત કરીને ઈન્દુમતિ નિમાવતે એક વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં ત્રણ વર્ષથી ઈન્દુમતિબેન માસ્ટર્સ એથ્લેટિક્સમાં મેડલ જીતતા આવ્યા છે.

નગરની રમત, કલા અને શિક્ષણ જગત તરફથી આ સિદ્ધિ બદલ ઈન્દુમતિબેનને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સ્મૃતિ વિકાસ શાળા પ્રાંતિયાનો ૩૪મો વાર્ષિકોત્સવ ઉજવાયો



તસવીર : નટુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૮

શારદા ટ્રસ્ટ સંચાલિત સ્મૃતિ વિકાસ શાળા અને ઉન્નતિ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર-મંદબુદ્ધિ બાળકોની નિવાસી શાળા પ્રાંતિયા ખાતે તાજેતરમાં શાળાનો ૩૪મો વાર્ષિકોત્સવ અને વાલી સંમેલન હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યાં હતાં. શાળા વાર્ષિકોત્સવનું દીપ પ્રાગટય નાગણેશ્વરી મંદિર પાલજના કરણજી રાઠોડના શુભાસ્તે કરવામાં આવ્યું હતું. સંસ્થાના માનસિક ક્ષતિ ધરાવતા બાળકોએ સુંદર મજાના સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરી હતી. બાળકોએ સ્વાગત ગીત, અભિનય ગીત, એકપાત્રીય અભિનય, ગરબા, ડાન્સ વગેરે રજૂ કરી ઉપસ્થિત મહાનુભાવોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વાલીઓએ તથા પ્રેક્ષકોએ વિદ્યાર્થીઓની સુંદર રજૂઆતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

સંસ્થાના ૩૪માં વાર્ષિકોત્સવનાં પર્વ પ્રસંગે કરણજી રાઠોડે આશીર્વચન પાઠવ્યા હતા અને સંસ્થાની સેવા પ્રવૃત્તિઓને બિરદાવી હતી. સંસ્થાના પ્રમુખ જયવંત શંકર દિવેકરે સ્વાગત પ્રવચન કર્યુ હતું તથા સંસ્થાના સ્થાપક સુભાષભાઈ અને કૈલાસબેનની ઉમદાસેવા ભાવનાને બિરદાવી હતી. સમારંભના અધ્યક્ષ રામાજી રણછોડજી રાઠોડે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું તથા દર વર્ષે થતા વાર્ષિકોત્સવનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થા દ્વારા માનસિક ક્ષતિવાળા બાળકોની સારી કામગીરી થઈ રહી છે તથા સંસ્થાની કામગીરી ઉત્તરોત્તર વધે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે પરેશકુમાર પટેલે સંસ્થાઓની કાર્યપ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી.

આ સમારંભમાં અધ્યક્ષસ્થાને રામાજી રણછોડજી રાઠોડ સામાજીક કાર્યકર પાલજ તેમજ ઉદઘાટક કરણજી બળદેવજી રાઠોડ નાગણેશ્વરી મંદિર પાલજ, અતિથિ વિશેષ યોગેશકુમાર જે. લીંબાચીયા એલ.આઈ.સી. વિસનગર તથા માનવંતા મહેમાનો પરેશકુમાર કાળીદાસ પટેલ ડે. સરપંચ પ્રાંતિયા, પ્રહલાદજી મગનજી ઠાકોર પ્રાંતિયા મોહનજી પ્રતાપજી ઠાકોર, નિતાબેન યોગેશકુમાર લિંબાચિયા વિસનગર, ભીખાભાઈ સાલમભાઈ ચાવડા તથા શંકુતલાબેન ચાવડા વિસનગર, મેલાભાઈ ભલાભાઈ ભોઈ તથા સવિતાબેન એમ. ભોઈ નિકોલ અમદાવાદ મઘીબેન એમ. ઠાકોર વડોદરા તથા રમણજી ઠાકોર પ્રાંતિયા તેમજ સંસ્થાના બાળકોના વાલીઓ, શુભેચ્છકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં નિલમ ડામોરની પસંદગી



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૮માં આવેલી બા શ્રી વસંતકુંવરબા એન. સોલંકી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની નિલમ ડામોરની તાજેતરમાં દિલ્હી ખાતે યોજાનાર રાષ્ટ્રકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં પસંદગી થઈ છે જે બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

બા શ્રી વસંતકુંવરબા એન. સોલંકી પ્રાથમિક શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતી નિલમ માનસિંગભાઈ ડામોરની તાજેતરમાં રાષ્ટ્રકક્ષાની અંડર-૧૪ હેન્ડબોલ સ્પર્ધામાં પસંદગી થઈ છે. નિલમ હાલ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે પ્રિ-નેશનલ કોચીંગ કેમ્પમાં તાલીમ લઈ રહી છે. જે દિલ્હી ખાતે યોજાનાર રાષ્ટ્ર કક્ષાની અંડર-૧૪ હેન્ડબોલ સ્પર્ધામાં તા. ૨ જાન્યુઆરી થી ૮ જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન ગુજરાતની ટીમમાં શાળાનું પ્રતિનિધિત્વ કરશે. તેણીનીને મહેશ્વરીબેન ધુમાલ કોચીંગ આપી રહ્યા છે.

રાષ્ટ્રકક્ષાએ પસંદગી પામીને કુ. નિલમ ડામોરે શાળાનું ગૌરવ વધાર્યુ છે. શાલા સંચાલક જીતેન્દ્રસિંહ સોલંકી, આચાર્યા રીટાબેન બિહોલા અને સમગ્ર શાળા પરિવારે નિલમને આગામી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી છે.

# જે.એસ. પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ સેક્ટર-૧૨માં પુસ્તક મેળાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી જે.એસ. પટેલ વિદ્યામંદિરના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ગાયત્રી પરિવાર દ્વારા યોજાયેલા પુસ્તક મેળાની મુલાકાત લીધી હતી અને વિવિધ વિષયોના પુસ્તકો નિહાળી પોતાના રસના વિષયને લગતા પુસ્તકો ખરીદ્યા હતા.

જે.એસ. પટેલ વિદ્યામંદિરના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના ૩૨ વિદ્યાર્થીઓ અને ૩૩ વિદ્યાર્થીનીઓએ સેકટર-૧૨, બલરામ હોલ, બલરામ મંદિર પરિસર ખાતે યોજાયેલા પુસ્તક મેળાની મુલાકાત લીધી હતી. બાળકોએ જીવન ઘડતર, સાંસ્કૃતિક, ધાર્મિક, આધ્યાત્મિક, આરોગ્યવર્ધક, જીવન ચરિત્રો, પ્રેરણાત્મક વાર્તાઓ વિશેના પુસ્તકો નિહાળ્યા હતા. અને ખરીદ્યા પણ હતા.

રાજેશભાઈ ગજ્જરે પુસ્તકોનું જીવનમાં મહત્વ સમજાવી બાળકોને માહિતગાર કર્યા હતા. અનિલભાઈ નાયક, રાજેન્દ્રકુમાર પટેલ, વાસુદેવભાઈ પટેલ, પ્રકાશભાઈ પ્રજાપતિ, નિલમબેન પટેલ અને નીરૂબેન સોલંકીએ બાળકો સાથે પુસ્તક મેળાની મુલાકાત લઈ બાળકોને પુસ્તકો સાચા મિત્રો સમાન ગણાવી પ્રોત્સાહિત કર્યા હતા. પુસ્તક મેળાના આયોજક ગાયત્રી પરિવારે બાળકો અને શિક્ષકોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

# આજે હીરામણિ સ્કૂલનો રમતોત્સવ

ગાંધીનગર, તા. ૨૮

જનસહાયક ટ્રસ્ટ દ્વારા સંચાલિત હીરામણિ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા-અંગ્રેજી માધ્યમ દ્વારા આજે તા. ૨૯મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ હીરામણિ કેમ્પસ ખાતે શાળા રમતોત્સવ યોજાશે.

હીરામણિ શાળા કેમ્પાસમાં યોજાનાર રમતોત્સવનું ઉદઘાટન આજે સવારે ૮ કલાકે હીરામણિ કેમ્પસ, નિરમા યુનિવર્સિટી સામે, એસ.જી. હાઈવે ખાતે યોજવામાં આવશે.

સમગ્ર રમતોત્સવમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં જોડાશે અને રમતોનો આનંદ માણશે.

## સિધ્ધાર્થ લૉ કૉલેજમાં સમયસર પ્રવેશ મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૨૮

સિધ્ધાર્થ લૉ કૉલેજ ગાંધીનગરના આચાર્ય દિલીપ એ. મેવાડાએ જણાવેલ છે કે, એલ.એલ.બી., ડી.ટી.પી., ડી.એલ.પી. ના વર્ગો નિયમિત શરૂ થયેલ છે, જેથી તમામ વિદ્યાર્થીઓને વર્ગમાં અચુક હાજર રહેવું. જે વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવાનો બાકી હોય તો પ્રવેશ મેળવી લેવો નહિતર પ્રવેશ રદ્દ થશે.

# ચૈતન્ય સ્કૂલ દ્વારા 'શૅર-કૅર' દિનની અનોખી ઉજવણી



ગાંધીનગર, તા. ૨૮

વિદ્યાનિકેતન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ચૈતન્ય સ્કૂલે તાજેતરમાં શેર-કેર દિનની અનોખી ઉજવણી કરી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સમગ્ર દિનને યાદગાર બનાવ્યો હતો.

ચૈતન્ય સ્કૂલના આચાર્યા પ્રિતા પિલ્લાઈએ જણાવ્યું છે કે, તાજેતરમાં શાળા દ્વારા શેર-કેર દિનની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન 'સ્પીક-મેકે' પંડિત દિન દયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, મહિલા જાગૃતિ અભિયાન ચેરીટેબલ ટ્રસ્ટ, દહેગામ તેમજ યુવા અનસ્ટોપેબલ જેવી સામાજિક સંસ્થાઓ દ્વારા સંયુકતપણે કરવામાં આવ્યું હતું. શિક્ષણના એક ભાગરૂપે હંમેશા સામાજિક રીતે પછાત તેમજ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા બાળકો પ્રત્યે આદર તેમજ કરૂણાની ભાવના રાખી છે અને શાળાના વિદ્યાર્થીઓને પણ સિદ્ધાંત શીખવ્યો છે. શેર-કેર કાર્યક્રમના ભાગરૂપે દહેગામની એક બહેરા મુંગા શાળાના વિદ્યાર્થીઓ તેમજ ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ પંડીત દિન દયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં એક દિવસ સાથે વિતાવ્યો હતો. જયાં તેઓએ ચાર્લી ચેપ્લીનની ફિલ્મ નિહાળી હતી તેમજ તેઓ સાથે જુદી જુદી રમતો રમ્યા હતા. બહેરા-મુંગા શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ ચૈતન્ય સ્કુલના વિદ્યાર્થીને ઈશારાની ભાષાનો પરિચય કરાવ્યો હતો. તેઓએ ડાંગી નૃત્ય રજૂ કરી ઉપસ્થિત દરેક લોકોને ખુશ કરી દીધા હતા.

ચૈતન્ય સ્કુલ સે-૨૧ ગાંધીનગર ખાતેના કેમ્પસમાં વિદ્યાર્થીએ ઈશુ ખ્રિસ્તના જીવન પર નાટક ભજવ્યું હતું. ત્યારબાદ બંને સ્કૂલના વિદ્યાર્થીઓએ સાથે ભોજન લીધું હતું. તેમજ યુવા અનસ્ટોપેબલ તેમજ ચૈતન્ય સ્કૂલના સંયુકત ઉપક્રમે બહેરા મુંગા શાળાના વિદ્યાર્થીઓને ભેટ સોગાદો આપવામાં આવી હતી. નાતાલના તહેવાર આપણને પ્રેમ તેમજ આદાન પ્રદાનનો મહિમા સમજાવે છે. આ તહેવારની પૂર્વ સંધ્યાએ ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ શેર-કેર દિનની ઉજવણી કરી તહેવારની મહત્તા વધારી હતી.

# સાદરા ગામના મધુવન સેવા સંકુલમાં ગાંધીકથા યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના સાદરા ગામે આવેલા મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના મધુવન સેવા સંકુલ ખાતે જાણીતા સમાજ સેવક નારાયણભાઈ દેસાઈની વ્યાસપીઠે ગાંધીકથા યોજાશે. ગાંધીકથા અંતર્ગત તાજેતરમાં મધુવન સાદરા ખાતે ગૂજરાત વિદ્યાપીઠના કુલ સચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના અધ્યક્ષસ્થાને અને આસપાસના ગ્રામકાર્યકરોની સાથે ગાંધીકથાની પૂર્વ તૈયારીની મહત્વની બેઠક યોજાઈ હતી.

શ્રી નારાયણભાઈ દેસાઈની ૧૦૮ની ગાંધીકથાનું આયોજન સાદરા ગામના મધુવન સેવા સંકુલમાં તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૩થી ૩૦ જાન્યુઆરી ૨૦૧૩ સુધી દરરોજ બપોરે ૧-૦૦ થી ૪-૦૦ દરમિયાન કરવામાં આવ્યું છે. સાદરા ગામની આજુબાજુના ૫૦થી વધુ ગામડાઓના ૫૦૦૦થી વધુ ગ્રામજનો ગાંધીકથાનું શ્રવણ કરી ગાંધીજીવન પધ્ધતિએ જીવન જીવતાં શીખી સાંપ્રત સમયની સમસ્યાઓ જેવી કે ભ્રષ્ટાચાર, કામચોરી, છેતરપીંડી, વંશ-વર્ણભેદ, જાતિ-સંપ્રદાય ભેદ, બળાત્કાર, મારામારી, ચોરી, વ્યસન, દૂષણ-પ્રદૂષણ, અસ્પૃશ્યતા અને નિરક્ષરતાનું નિર્મૂલન કરતાં શીખશે.

ગ્રામજનો સ્વચ્છ, સુંદર, નિરામય, દીર્ઘાયુ, સ્વરોજગારીવાળુ, ગૃહ ઉદ્યોગો સાથેનું, અર્થ ઉપાર્જન કરતું સ્વાવલંબી જીવન જીવતાં શીખે તેવો શુભ આશય આ ગાંધીકથાનો રહ્યો છે. ગાંધી કથાની પૂર્વ તૈયારીના ભાગ રૂપે ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીની અધ્યક્ષતામાં સાદરાના મધુવન સંકુલમાં ગ્રામ કાર્યકરોની બેઠક યોજાઈ જેમાં ૩૦૦ ગ્રામજનો અને સેવકો ઉપસ્થિત રહ્યા હતા. દશેલા ગામના રમેશભાઈ ચૌધરીએ, સાદરા ગામના મહેન્દ્રભાઈ મોદીએ, સરપંચ મહેન્દ્રભાઈ જોષીએ અને મધુવન સેવા સંકુલના મેનેજીંગ ટ્રસ્ટી કીરીટભાઈ શાહે ગ્રામવાસીઓને ગાંધી વિચારોના રંગે રંગાઈ જવાની હાકલ કરી હતી તેવું ગાંધીકથા પ્રચાર-પ્રસાર સમિતિના સભ્ય પ્રા. રમેશભાઈ મ. પટેલ અને પ્રા. નિરસ શેઠે જણાવ્યું છે.

# વિદ્યાર્થીઓને થતી કનડગત અટકાવવા ડ્રૉપ બૉક્સની શરૂઆત કરવી જોઈએ

## હરિયાણા રાજ્ય સરકારે રાજ્યના ચાર જિલ્લાઓમાં સઘળી શાળા-કૉલેજમાં કુલ ૨૨૫૫ જેટલા ડ્રૉપ બૉક્સ મૂકવાનો નિર્ણય લઈ લીધો છે અને વ્યવસ્થા તંત્રને આ માટેનો આદેશ પણ આપી દીધો છે, આવી જ વ્યવસ્થા રાજ્યમાં શરૂ થવી જોઈએ ને ગાંધીનગરે એની પહેલ કરવી જોઈએ

દિલ્હીમાં થયેલી અઘટિત ઘટના પછી દુષ્કર્મ મામલે દેશ આખો રોષમાં આવી ગયો છે, એમાંય યુવા વર્ગમાં વધુ રોષ જોવા મળી રહ્યો છે. આવું કૃત્ય કરનારાઓને ફાંસીથી માંડીને અહીં લખી ન શકાય એવી બર્બર સજાની માગણી યુવાઓ દ્વારા થઈ રહી છે. અને આ માગણી વ્યક્ત કરવા માટે યુવા વર્ગ સડક ઉપર પણ ઊતરી આવ્યો છે.

સરકારે તપાસ પંચ નિમી દીધું છે અને તપાસ શરૂ પણ થઈ રહી છે વિવિધ રાજ્યોએ આવી દુર્ઘટનાઓ ન ઘટે તે માટેની સઘન વિચારણાઓ પણ અમલમાં મુકી દીધી છે ને ખુદ દિલ્હી પ્રશાસને ૧૮૧ હેલ્પલાઈન શરૂ કરી દીધી છે, ત્યારે હરિયાણાએ પણ આવી જ એક આવકારદાયક પહેલ કરી છે.

હરિયાણા રાજ્ય સરકારે રાજ્યના ચાર જિલ્લાઓમાં સઘળી શાળા-કૉલેજમાં કુલ ૨૨૫૫ જેટલા ડ્રૉપ બૉક્સ મૂકવાનો નિર્ણય લઈ લીધો છે અને વ્યવસ્થા તંત્રને આ માટેનો આદેશ પણ આપી દીધો છે.

ડ્રૉપ બૉક્સ એટલે શું ? ડ્રૉપ બૉક્સ એટલે એક લેટર બૉક્સ, જે દરેક શૈક્ષણિક સંસ્થામાં લગાડેલું હોય અને એમાં દરેક વિદ્યાર્થી કે વિદ્યાર્થીની પોતાની ફરિયાદ નાખી શકે.



આજે જયારે દીકરીઓનું ઘરમાંથી બહાર નીકળવાનું અનિવાર્ય બન્યું છે ત્યારે ઘણાં સ્થળોએ એમની કનડગત અને જાતીય સતામણી થવાની શક્યતાઓ વધી રહી છે. આપણે ત્યાં બહુધા સ્ત્રીઓને 'આબરૂ'ના નામે ચૂપ રહેવાનું ને આવી નાની-મોટી વાતો સહન કરવાનું જ જાણ્યે-અજાણ્યે શીખવવામાં આવે છે અને એ કારણે ન માત્ર સ્ત્રીઓને આવા ત્રાસ સતત સહન કરવા પડે છે, પરંતુ આવો ત્રાસ આપનારાઓની હિંમત પણ વધતી જાય છે ને એમાંથી સર્જાય છે આવો એક મોટો દુષ્કર્મ કાંડ.

પણ હરિયાણા રાજ્ય સરકારે ડ્રૉપ બૉક્સની સુંદર પહેલ કરીને ગુનેગારોને ઉગતા જ ડામવાની જે શરૂઆત કરી છે એ ખરેખર આવકારદાયક છે. એનાથી ન માત્ર વિદ્યાર્થીનીઓને, પરંતુ વિદ્યાર્થીઓને પણ પોતાને થતી કનડગતની ફરિયાદ કરવાનો મૉકો મળી જશે.

વિચારો જરા, આપણું પાલ્ય સવારે સ્કૂલ જવા નીકળે ત્યાંથી માંડીને સાંજે ટ્યુશનથી પરત આવે ત્યાં સુધીમાં કેટલા માણસોના સંપર્કમાં આવે છે ? જાણ્યા-અજાણ્યા કેટલા માણસો એની નજીકથી પસાર થાય છે ? ને કેટલા માણસોની નજર એના પર હોય છે ? આપણે નથી જાણતા. અને આપણી કરુણતા એ છે કે આવી પરિસ્થિતિને આપણે સહન કરવી જ રહી. આપણે ધારીએ તો પણ આખો દિવસ આપણા પાલ્યની પાછળ ફરી શકીએ એમ નથી કે ઍને દિવસભર બધા જ સ્થળે ઍસ્કૉર્ટ આપી શકીએ એમ નથી. આખરે જે પરિસ્થિતિ છે એ પાલ્યએ જાતે જ સહન કરવાની છે. એવા સંજોગોમાં પાલ્ય હિંમત દેખાડી શકે તો ઠીક, પણ એમ ન કરી શકે તોય કમ-સે-કમ ફરિયાદ કરવાની હિંમત કેળવી શકે એ બહુ જરૂરી છે.

અને થાય છે એવું કે

**પ્રસંગસર**

**- કુંતલ નિમાવત**

મોટાભાગના કિસ્સામાં પીડિત પાલ્ય પીડા આપનારથી ડરતું હોય છે, ગભરાતું હોય છે એટલે રૂબરૂ ફરિયાદ કરવાનું ટાળે છે. આવા સંજોગોમાં ડ્રૉપ બૉક્સ એ સૌ બાળક-કિશોર અને યુવા વર્ગ માટે પણ આશીર્વાદરૂપ પૂરવાર થઈ શકે એમ છે. એમાં વિદ્યાર્થી પોતાના નામ સાથે કે નામ વગર પણ ફરિયાદ નાખી શકે છે. અને એનો ફાયદો એ થઈ શકે છે કે સંસ્થામાં ઉત્પાતિયા તત્ત્વો કેટલાં છે એ સંચાલનને તરત જાણ થઈ શકે છે.

હા, અહીં ધ્યાન એક બાબતનું રાખવાનું છેકે કોઈની સામે આવેલી ફરિયાદના કિસ્સામાં જેની સામે ફરિયાદ હોય એને સીધી જ સજા ફટકારવાને બદલે સંચાલન દ્વારા પહેલાં ફરિયાદની છાની તપાસ કરવામાં આવે અને ફરિયાદ સાચી લાગે એ પછી આકરી સજા કરવામાં આવે એ યોગ્ય રહેશે.

શૈક્ષણિક સંસ્થાઓમાં આવા ડ્રૉપ બૉક્સ મૂક્યા પછી ન માત્ર પોતાને સંસ્થામાં થતી કનડગત પરંતુ સંસ્થા ઉપરાંત થતી કનડગતની ફરિયાદ પણ વિદ્યાર્થીઓ કરી શકે એવો સંદેશ સંસ્થાએ પોતાના વિદ્યાર્થીઓને આપવો જોઈએ. આનાથી સંસ્થાનો વિદ્યાર્થી દરેક પ્રકારના ભયથી મુક્ત થશે અને સરવાળે સંસ્થાનો સક્ષમ નાગરિક સર્જવાનો હેતુ બર આવશે. જોકે, અહીં પણ ભયસ્થાન એ રહેશે કે બાળકો પોતાના ઘરની ફરિયાદોય ડ્રૉપ બૉક્સમાં નાંખશે. 'મને મારી દીદી બહુ હેરાન કરે છે' કે 'મારા મમ્મીનું મારા પર બહુ દબાણ છે' એવી ફરિયાદોય આમાં આવે એ શક્ય છે. પરંતુ, તેમ છતાં ડ્રૉપ બૉક્સનું સૂચન આવકારદાયક તો છે જ.

ગાંધીનગરની શાળા-કૉલેજો ઘણી જાગૃત છે, સગવડભરી છે અને ઘણી બાબતોમાં પહેલ કરનારી છે. આ જગૃત શાળા-કૉલેજોએ ડ્રૉપ બૉક્સની પહેલ કરવા જેવી છે. આવું કરવાથી ખરેખર સંસ્થા અને બાળકની વચ્ચે રહેલું અંતર ઘણું ઓછું થઈ શકે એમ છે અને સાચા અર્થમાં સંસ્થાને જાણવા મળી શકે એમ છે કે પોતાને ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખરેખર કઈ બાબતથી કે વ્યક્તિથી તકલીફ છે.

યાદ રાખો, એકવાર એક સંસ્થા આ શરૂઆત કરશે પછી અન્યો કરવાના જ છે, રાજ્યભરમાં આ કામ થશે. વાત માત્ર શરૂઆત કરવાની છે, પછી તો એ પરંપરા થવાની છે.

આહ્વાન છે ગાંધીનગરની સંસ્થાઓને આ નવી શરૂઆત કરવાની. અને હા, શરૂઆત કરો તો એ સમાચાર જરૂરથી પ્રસરાવશો જેથી અન્ય સંસ્થાઓ પણ આ રસ્તો અખત્યાર કરે જે આખરે તો વિદ્યાર્થીઓના હિત માટે જ છે.

